પુસ્તક ૨૩

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ
બેડાવાળા

સં-૨૦૬૯, ભાદરવા સુદ - ૫

જિનશાસનના અણગાર, શાસનના શણગાર, સંયમી, વિદ્વાન જ્ઞાની ગુરૂભગવંતોના ચરણોમાં ચરણસેવક શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના કોટિ કોટિ વંદન...

જિનાજ્ઞા સમારાધક પંડિતવર્યશ્રી / શ્રુતભક્ત શ્રાવક આદિને પ્રણામ.

-: જ્ઞાનક્ષેત્રે ઘણું મહત્વનું છતાં ઉપેક્ષિત ક્ષેત્ર-શિલ્પજ્ઞાન - શિલ્પજ્ઞાનની મહત્તા :-

સંબોધ પ્રકરણમાં સુરિપુરંદર આચાર્ય શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ શ્રાવકોને દેવદ્રવ્યની સુરક્ષા-સદ્વ્યય પર ઘણો જ ભાર મૂકેલો  છે. દેવદ્રવ્યના યોગ્ય વહીવટ દ્વારા આ ભવ-પરભવના સર્વ સુખોની પ્રાપ્તિ થવા ઉપરાંત, છેક તીર્થંકરપદની પ્રાપ્તિ સુધીના લાભો દર્શાવ્યા છે. છતી શક્તિએ, સંયોગ-સામર્થ્ય અનુકુળ હોવા છતાં, જેઓ દેવદ્રવ્યની ઉપેક્ષા કરે, તેના વિનાશને રોકે-અટકાવે નહિ, તો તેઓ મહાપાપના ભાગી થાય છે એમ ત્યાં જણાવ્યું છે. ઉપરાંતમાં ત્યાં સુધી કહ્યું છે કે સર્વ સાવદ્યથી વિરક્ત અર્થાત અટકેલા એવા સાધુ ભગવંતો પણ જો અવસર આવ્યે, પોતાની શક્તિ--સામર્થ્ય અને સંયોગોની અનુકુળતા હોવા છતાં દેવદ્રવ્યના વિનાશને અટકાવે નહિ, પણ ઉપેક્ષા જ કરે તો તેઓ પણ પાપના ભાગી થાય છે. એટલે દેવદ્રવ્યની સુરક્ષા અને સદ્વ્યય એ કેટલી મહત્વની બાબત છે એ સમજી શકાય છે. દ્રવ્યસપ્તતિકાના ગુણદ્વાર અને દોષદ્વારનું અવગાહન કરતાં આ બાબત હજી વિશેષ સ્પષ્ટતા થશે અને તેનું શાસ્ત્રોક્ત અમાપ મહત્વ સમજાશે. આ દેવદ્રવ્યની સુરક્ષા અને સદ્વ્યય તે શિલ્પવિદ્યાના શાસ્ત્રીય અને વ્યવહારીક જ્ઞાનના દ્વારા શક્ય બને છે, માટે તેની પણ મહત્તા આપોઆપ સિદ્ધ થઇ જાય છે.

-: શિલ્પક્ષેત્રે શ્રાવકોએ તૈયાર થવું જરૂરી છે. :-

મંદિર નિર્માણાદિ કાર્યો શ્રાવકોના કર્તવ્યરૂપે છે. વર્તમાન કાળે શ્રાવકો શાસ્ત્રમર્યાદાને અતિક્રમીને સંસારવર્ધક એવા પણ પોતાના ઘર, ઓફીસ વગેરેના બાંધકામમાં પ્રવૃત હોય, કેટલાક વળી બીલ્ડર તરીકેનો જ વ્યવસાય કરતા હોય તેવા સમયે સંસારતારક એવા જિનમંદિર, જિનમૂર્તિ આદિ નિર્માણકાર્યો શ્રાવકોએ દિલ દઇને, જાતદેખરેખ હેઠળ પ્રભાવસંપન્ન અને દીર્ઘસ્થાયીપણે થાય એ રીતે કરાવવા આત્મિક લાભનું કારણરૂપ બને છે. જૈનોએ બુદ્ધિશાળી પ્રજા હોય છે. પરમાત્મા પાછળ સરેરાશ ઘણો ખર્ચ કરનારા જૈનો છે. મંદિર-પ્રતિષ્ઠા આદિ માટે સર્વસ્વ સમર્પણ કરી દેતાં તેઓ અચકાતાં નથી. આવી ઉચ્ચ ભાવના હોવા છતાં એકમાત્ર શિલ્પક્ષેત્ર સંબંધી વિશેષ જ્ઞાનના અભાવે રૂપિયા ખર્ચવાના પ્રમાણમાં વધુ લાભ - રીઝલ્ટ લઇ શકાતું નથી.

યોગ્યતા અને શક્તિસંપન્ન શ્રાવકો જો આ વિષયમાં રસ લઇ તૈયાર થાય તો શ્રીસંઘને તથા તેઓને બે વિશિષ્ટ લાભ થાય. (૧) દેવદ્રવ્યની સુરક્ષા અને સદ્વ્યય દ્વારા શાસ્ત્રોક્ત વિશિષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના સ્વામી બને, આલોક-પરલોકના વિશિષ્ટ પુણ્યફળો પામી તે આત્મા મોક્ષ પામે. (૨) જિનમંદિર તે સકળ શ્રીસંઘની પ્રબળ આસ્થા શ્રદ્ધાનું કારણ છે, મંદિરો સવિશેષ પ્રભાવશાળી બનતાં સકળ શ્રીસંઘને સુખ-શાંતિ અને સમૃદ્ધિદાયક થાય. તે માટે ભોગ આપનારને તો અવશ્ય ઉન્નતિકારક થાય.

આ દ્વારા શિલ્પજ્ઞાનક્ષેત્રે શ્રાવકો જાણકાર બની સ્વ-પર કલ્યાણ સાધનારા બને એજ અભ્યર્થના સાથે જિનાજ્ઞા વિરૂદ્ધ કંઇ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્...

" दासोऽहं सर्व साधूनाम् "

લી.
જિનશાસનચરણસેવક બાબુલાલ સરેમલ

# સંવત ૨૦૬૯ દરમ્યાન નૂતન પ્રકાશિત ગ્રંથો

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા-સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | આચારાંગસૂત્ર-૨ | પૂ.રત્નજ્યોતવિજયજી | ગુજ. | શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૨ | આચારાંગસૂત્ર-ચૂર્ણી-૩ | પૂ.રત્નજ્યોતવિજયજી | ગુજ. | શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૩ | સિધ્ધહેમશબ્દાનુ. મધ્યમવૃત્તિ-૧ | પૂ.રત્નજ્યોતવિજયજી | સં. | શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૪ | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા | પૂ.રત્નત્રયવિજયજી | ગુજ. | શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૫ | કલ્પસૂત્રના વ્યાખ્યાન (પ્રત) | પૂ.હૃદયરત્નવિજયજી | ગુજ. | અર્હદ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ |
| ૬ | તત્ત્વન્યાયવિભાકર ભા-૧,૨,૩ | ગણિ વિક્રમસેનવિજયજી | ગુજ. | લબ્ધિ ભુવન જૈન સાહિત્ય સદન |
| ૭ | જિનાલય નિર્માણ માર્ગદર્શિકા | પૂ.સૌમ્યરત્નવિજયજી | ગુજ. | જિનશાસન આરાધના ટ્રસ્ટ |
| ૮ | જઇજીયકપ્પો (યતિ જીતકલ્પ) | પં.નયભદ્રવિજયજી (સાધુરત્નસૂરિ ટીકા) | પ્રા/સં | ---------------------------- |
| ૯ | સડ્ઢ જીયકપ્પો (શ્રાધ્ધ જીત કલ્પ) | પં.નયભદ્રવિજયજી (ધર્મઘોષસૂરિ ટીકા) | પ્રા/સં | ---------------------------- |
| ૧૦ | જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ | પૂ.પાર્શ્વરત્નસાગરજી | સં. | ઓમકારસૂરિ આરાધના ભવન |
| ૧૧ | સિધ્ધ પ્રાભૃત | પૂ.પાર્શ્વરત્નસાગરજી | સં. | ઓમકારસૂરિ આરાધના ભવન |
| ૧૨ | આખ્યાન મણિકોશ ભા.૧ થી ૪ | પૂ.પાર્શ્વરત્નસાગરજી | પ્રા/સં. | ઓમકારસૂરિ આરાધના ભવન |
| ૧૩ | નવતત્ત્વ સુમંગલા ટીકા | આ.સૂર્યોદયસૂરિજી | ગુજ. | શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૧૪ | સિંદૂર પ્રકરસ્તવ (અંશ પ્રવચનના) | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૧૫ | અધ્યાત્મમહિમા (વાચના) | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૧૬ | ધર્મરત્ન પ્રકરણ (અંશ પ્રવચનના) | આ.ચંદ્રગુપ્તસૂરિજી | ગુજ. | અનેકાંત પ્રકાશન |
| ૧૭ | ઉપાધિ થી સમાધિ તરફ | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૮ | સતિ દમયંતિ | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૧૯ | પલક મેં ફૂટ જાયેગા | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૦ | જીવન એક સંગ્રામ | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૧ | દિવ્ય દર્શન | આ.ભુવનભાનુસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૨ | ભુવનભાનુસૂરિ એન્સાઇક્લોપિડીયા ભાગ ૫૧ થી ૭૫ | પં.પદ્મસેનવિજયજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૩ | ગુરુ-જેના વિના જીવન અધુરું-૨ | પૂ.નિપુણરત્નવિજયજી | ગુજ. | રાજ રાજેન્દ્ર પ્રકાશન |
| ૨૪ | મુનિરાજશ્રી વૃધ્ધિચંદ્રજી ચરિત્ર | કુંવરજી આણંદજી | ગુજ. | જૈન ધર્મ પ્રસારક સભા |
| ૨૫ | શ્રાધ્ધવિધિ પ્રવચનો | પૂ.જિનમૃગાંકસૂરિજી | ગુજ. | પરમશ્રધ્ધેય પ્રકાશન |
| ૨૬ | જ્ઞાનભંડાર જાળવણી અને વ્યવસ્થા | પૂ.ભવ્યસુંદરવિજયજી | ગુજ. | શ્રમણોપાસક પરિવાર |
| ૨૭ | પ્રેરણાની પરબ | પૂ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ-ડભોઇ |
| ૨૮ | પ્રેરણાનો પરાગ | પૂ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ-ડભોઇ |
| ૨૯ | પ્રેરણાનાં પારિજાત | પૂ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ-ડભોઇ |
| ૩૦ | પ્રેરણાનો પચગામ | પૂ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ-ડભોઇ |
| ૩૧ | પ્રેરણાનું પંચામૃત | પૂ.રાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ-ડભોઇ |
| ૩૨ | સિધ્ધસેન શતક | ઉપા.ભુવનચંદ્રવિજયજી | સં./ગુ | પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન |
| ૩૩ | જિનસ્તવન ચતુર્વિંશતિકા (પાર્શ્વચંદ્રસૂરિજી વિરચિત) | ઉપા.ભુવનચંદ્રવિજયજી | સં./ગુ | પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન |
| ૩૪ | વેલિકાવ્ય સ્વરૂપ અને સમીક્ષા | ડૉ.કવીન શાહ | ગુજ. | રૂપાબેન અસ્તિકુમાર |

## સરસ્વતી પુત્રોને વંદના

(નિમ્નોક્ત ગ્રંથના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે. ટુંક સમયમાં પ્રકાશિત થશે.)

ઉપા. શ્રી રત્નત્રયવિજયજી મ. સા. (કલીકુંડતીર્થોદ્ધારક પૂ. આ. શ્રીરાજેન્દ્રસૂરિજી સમુદાય)

(૧) પ્રબંધ પંચશતિ - ભાષાંતર સહિત

(૨) સિધ્ધહેમશબ્દાનુશાસનમ્ મધ્યમવૃત્તિ ભાગ-૨

(૩) સિધ્ધહેમશબ્દાનુશાસનમ્ મધ્યમવૃત્તિ ભાગ-૩

(૪) ઉપદેશ કલ્પવલ્લિ - ભાષાંતર

(૫) ભીનમાલ નગરનો ઇતિહાસ

પૂ. પાર્શ્વરત્નસાગરજી મ. સા. (પૂ. આ. નવરત્નસાગરજી મ. સા.)

(૧) જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ - વૃત્તિ - પૂ. પૂણ્યસાગરજી મ. સા. ટીકા

(૨) જંબૂદ્વિપ પ્રજ્ઞપ્તિ - ચૂર્ણી કર્તા - અજ્ઞાત

(૩) વસુદેવ હીંડી - પ્રાકૃત - સંસ્કૃત છાયા સાથે

(૪) વિશેષ આવશ્યક પ્રશ્નોત્તરી - ગુજરાતી અનુવાદ સહિત

શ્રુતભુવન - પુના દ્વારા થઇ રહેલ ગ્રંથોના સંશોધન-સંપાદન
(પૂ. વૈરાગ્યરતિવિજયજી ના માર્ગદર્શનથી)

(૧) મહાવીર સ્તવ-ખન્ડનખન્ડખાદ્યઃ સટીક (કર્તા : ઉપા. યશોવિજયજી)
પૂ. વિરતીન્દ્રવિજયજી તથા પૂ. કીર્તિન્દ્રવિજયજી મ. સા. દ્વારા

(૨) આત્મતત્વવિવેક દીધિતિ-ગુણાનન્દી ટીકા (અપ્રગટ) પૂ. વિરતીન્દ્રવિજયજી તથા પૂ. કીર્તિન્દ્રવિજયજી મ. સા. દ્વારા

(૩) બૃહત્કલ્પ વિશેષચૂર્ણી (અપ્રગટ) - રૂપેન્દ્રકુમાર પગારિયા

(૪) બૃહત્કલ્પ બૃહદ્ ભાષ્ય (અપ્રગટ) - રૂપેન્દ્રકુમાર પગારિયા

(૫) શ્રેયાંશનાથ ચરિત્ર (પ્રાકૃત)

(૬) પ્રમાણપ્રમેય કલિકાદિ (પ્રાયઃ અપ્રગટ)

(૭) ભવભાવના - અવચૂરિ (પ્રાયઃ અપ્રગટ)

(૮) નવવાદસ્થલાનિ - કર્તા : ભૂવનતુંગસૂરિજી

(૯) સ્તોત્રત્રય - કર્તા : ઋષિવર્દ્ધનસૂરિજી

(૧૦) ચતુર્વિંશતિજિનસ્તુતિ

પં. તત્વપ્રભવિજયજી મ. સા. (આ. રામચંદ્રસૂરિજી સમુદાય)

(૧) દશવૈકાલિક સૂત્ર - સુમતિસાધુ ટીકા, હરિભદ્રસૂરિજી ટીકા, તીલકાચાર્ય ટીકા ત્રણેય ટીકાઓ એક સાથે એક જ પત્ર ઉપર સાથે મુદ્રિત કરવામાં આવશે.

શિલ્પ શિબિર :- પ.પૂ. શ્રુતસમુધ્ધારક પૂજ્ય આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. શ્રી કલ્યાણબોધિસૂરિજી મ. સા. ની નિશ્રામાં તા. ૧૯, ૨૦ ઓક્ટોબર ના રોજ જૈન સંઘના ગૌરવસમાન શ્રીકુમારપાળભાઇ વી. શાહ ની આગેવાનીમાં શિલ્પશિબિરનું આયોજન કરવામાં આવેલ છે જેમાં સ્થપતિઓ, શિલ્પકાર, એન્જીનિયર અને જિનાલય નિર્માણમાં રૂચીવંત શ્રાવકો ભાગ લેશે. રસ ધરાવતા સૌને આમંત્રણ છે. રજીસ્ટ્રેશન માટે ઓનલાઇન ફોર્મ ભરો. www.shilpvidhi.in સ્થળ : શ્રી વિનય વાટિકા જૈન તીર્થ, સી. એન. જી પંપ સામે, વઢવાણ-કોઠારીયા રોડ, વઢવાણ, ડી. સુરેન્દ્રનગર. સંપર્ક : હાર્દિકભાઇ -મો. ૯૮૨૫૪૧૬૧૯૮ કિશોરભાઇ -મો. ૯૭૭૭૬૨૦૧૦૦

## પ્રાયઃ અપ્રાપ્ય મુદ્રિત ગ્રંથોનું સંરક્ષણ

મુદ્રણયુગના બસો વર્ષમાં ઘણા બધા વિદ્વાનોએ હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન કરીને પ્રત અને પુસ્તકો મદ્રિત કરાવીને ૨૫૦-૫૦૦ નકલો પ્રકાશિત કરાવી છે જેને લીધે પૂર્વાચાર્યોએ બનાવેલ કૃતિઓ, ગ્રંથોનો પ્રસાર, પ્રચાર થયો છે અને સ્વાધ્યાય અભ્યાસ માટે ગ્રંથો સહેલાઇથી ઉપલબ્ધ બન્યા છે. આગમ અને પ્રકરણ ગ્રંથો કે જેની અભ્યાસ માટે બહુ ઉપયોગીતા હતી તેવા ગ્રંથોની સતત સંશોધન થઇ ભાવાનુવાદ, વિવેચન કે રીપ્રીન્ટ દ્વારા એક જ ગ્રંથની ઘણી બધી આવૃતિઓ જુદા જુદા પૂજ્યો દ્વારા પુનઃપ્રકાશિત થઇ છે જેને લીધે સહેલાઇથી ઉપલબ્ધ બન્યા છે. પણ જે ગ્રંથો બહુ જ અલ્પ ઉપયોગી હોય, થોડાક જ વિદ્વાનોને ઉપયોગી હોય, ચરિત્ર, ન્યાય કે વ્યાકરણ આવા નાના નાના ગ્રંથો એક વખત મુદ્રિત થયા પછી ફરીથી પુનઃમુદ્રણ થયા નથી. એવા ઘણા ગ્રંથો  કાળના પ્રભાવે જીર્ણ થવાથી અત્યારે ઉપલબ્ધ નથી. ૫૦-૧૦૦ વર્ષ પહેલા પ્રકાશિત ગ્રંથોને સંશોધન-સંપાદન કરીને પુનઃમુદ્રણ કરવાની ખાસ જરૂર છે જેથી આ શ્રુતના વારસાની માહિતી અત્યારે રહેલા સંયમી જ્ઞાની પિપાસુ પૂજ્યોને મળે અને જરૂર મુજબ તેઓ તેનો અભ્યાસ પણ કરે છે. સંશોધન-સંપાદન કરવાની અનુકુળતા ન હોય તો તેનું પુનઃમુદ્રણ કરવાથી પણ આ શ્રુત આગામી સો વર્ષ સુધી ઉપલબ્ધ બની જશે. આચાર્ય કૈલાશસાગરસૂરિજી જ્ઞાનમંદિર - કોબાની સહાયથી અમારી સમજ મુજબના જિર્ણોદ્ધાર યોગ્ય પ્રતાકાર છપાયેલ ગ્રંથોની યાદી સામેના પેજ પર ઉપલબ્ધ છે. (નોંધ : ચાર વર્ષમાં પુસ્તક રૂપે મુદ્રિત ૧૫૩ ગ્રંથો પુનઃમુદ્રિત કરીને અમારા દ્વારા જ્ઞાનદ્રવ્યની સહાયથી જીર્ણોદ્ધાર કરવામાં આવેલ છે અને આ વર્ષે પણ આવા અપ્રાપ્ય પુસ્તકોનું પુનઃમુદ્રણનું આયોજન કરેલ છે જેની યાદી આવતા અંકમાં આપીશું.)

## www.ahoshrut.org :- Up Coming Events

પૂજ્ય ગુરુભગવંતોની નિશ્રામાં શ્રીસંઘ તેમજ સંસ્થાઓ તરફથી જે પણ ધાર્મિક અનુષ્ઠાનોનું આયોજન થયેલ હોય તેની પત્રિકાની પીડીએફ ફોર્મેટમાં અથવા સીડીઆર માં  વિગત ઇમેઇલ કે સીડી દ્વારા મોકલાવવાથી તેની વિગત આ વેબસાઇટમાં સતત ઓનલાઇન પ્રસંગની પૂર્ણાહૂતી સુધી ચાલુ રહે છે અને પ્રસંગ પત્યા બાદ તેની કાયમી યાદગીરી આમંત્રણ પત્રિકા વિભાગમાં સંગ્રહિત રહે છે. જેથી ભવિષ્યમાં જયારે પણ જરૂર હોય ત્યારે તે વિગત ડાઉનલોડ કરીને પ્રિન્ટ કરી શકાય છે. આના લીધે કિંમતી પત્રિકામાં વપરાયેલ કાગળોનો બચાવ થાય છે. અને પત્રિકામાં છપાયેલ ફોટા વગેરેની પસ્તીમાં જવાથી આશાતનાથી પણ બચી શકાય છે. સર્વે સમુદાયના પૂજ્ય ગુરુભગવંતોને પણ નમ્ર વિનંતી છે કે આ યોજના સંપૂર્ણતઃ નિશુલ્ક છે અને કોમન પ્લેટફોર્મ તરીકે અપનાવીને પત્રિકા માટે ખર્ચાતા કરોડો રૂપિયાના ખર્ચને સાધર્મિક કે પાઠશાળાના ઉદ્ધાર માટે ફાળવી શકાય અને જ્ઞાનની આશાતનાથી પણ બચી શકાય.

સંયમી આત્માઓના જીવનને બાધા ન પહોંચે અને નિર્મળ જીવન વ્યતિત થાય તે માટે વેબસાઇટમાં રહેલી વિગતો શ્રાવકો પ્રિન્ટ કરીને પૂજ્યોને જરૂર મુજબ ઉપલબ્ધ કરાવે તે આપણું શ્રાવક જીવનનું કર્તવ્ય છે. અને પૂજ્યોની ભક્તિનો લાભ મળે એ સૌભાગ્ય છે. આપના શ્રીસંઘમાં થઇ રહેલ અનુષ્ઠાનો તેમજ પુસ્તક ઉપર થી થઇ રહેલ પરિક્ષા ના પેપરો તેમજ અનુષ્ઠાનના પ્રવેશ પત્રના ફોર્મ પણ આ રીતે વેબસાઇટ ઉપર મુકવાથી ઘણો બધો પ્રિન્ટીંગ તેમજ કાગળનો બચાવ થઇ શકે છે.

# પ્રાયઃ જિર્ણોદ્ધાર કરવા યોગ્ય મુદ્રિત અપ્રાપ્ય પ્રતની યાદિ

| ક્રમ | ગ્રંથનુ નામ | કર્તા -સંપાદક | ભાષા | વર્ષ | પૃષ્ઠ | ટીકાકાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રમેય કમલ માર્તન્ડ | પૂ. પ્રભાચંદ્રસૂરિ | સં. | સં.૧૯૬૭ | ૨૧૫ | તુકારામજાવજી |
| ૨ | મહાવીર સ્તવ પ્રકરણ-૧ | પૂ. યશોવિજયજી | સં. | સં.૧૯૯૩ | ૨૭૫ | તારાચંદ મોતીજી જાવાલ |
| ૩ | મહાવીર સ્તવ પ્રકરણ-૧ | પૂ. યશોવિજયજી | સં. | સં.૧૯૯૩ | ૩૦૬ | તારાચંદ મોતીજી જાવાલ |
| ૪ | ષષ્ટિશતક પ્રકરણ સહ છાયા | નેમીચંદ ભંડારી | પ્રા/સં. | સં.૧૯૨૪ | ૧૩૮ | સત્યવિજય પુસ્તક ભંડાર |
| ૫ | સંદેહ દોલાવલિ પ્રકરણ | પૂ. પ્રબોધચંદ્ર | સં. | સં.૧૯૭૫ | ૧૪૫ | ગુલાબચંદ ગોમાજી |
| ૬ | સર્વજ્ઞ શતક | પૂ. ધર્મસાગરજી | સં. | સં.૨૦૧૨ | ૨૨૬ | મીઠાલાલ કલ્યાણજી |
| ૭ | સંવાદ સુંદર | પૂ. રત્નમંડન | સં. | સં.૧૯૭૫ | ૨૮ | હીરાલાલ હંસરાજ |
| ૮ | ગણધર સાર્ધશતક વૃતિ | પૂ. સર્વરાજ | સં. | સં.૧૯૭૨ | ૧૧૩ | હીરાલાલ હંસરાજ |
| ૯ | મંત્ર મહોદધિ | પૂ. મહિધર | સં. | સં.૧૯૩૨ | ૨૪૦ | ખેમરાજ રાજકૃષ્ણદાસ |
| ૧૦ | વંદારુ વૃતિ | પૂ. દેવેન્દ્રસૂરિ | સં. | સં.૧૯૮૫ | ૧૬૩ | ઋષભદાસ કેશરીમલ |
| ૧૧ | સામાચારિ શતકમ્ | પૂ. સમયસુંદર | સં. | સં.૧૯૯૬ | ૧૯૪ | જિનદત્તસૂરિભંડાર |
| ૧૨ | વૈરાગ્ય રત્નાકર | રામચંદ્ર દિનાનાથ | સં. | સં.૧૯૪૭ | ૧૩૦ | રામચંદ્ર દિનાનાથ |
| ૧૩ | પ્રાકૃત મનોરમા વ્યાકરણ | આ. કાત્યાન | પ્રા | સં.૧૯૨૭ | ૨૮ | ધનપતસિંહ બહાદુરસિંહ |
| ૧૪ | મેઘમાળા વિચાર | પૂ. વિજયપ્રભાકરસૂરિ | સં. | સં.૧૯૫૬ | ૩૩ | ભીમશી માણેક |
| ૧૫ | સૂરિમંત્રબૃહદકલ્પ વિવરણ | પૂ. જિનપ્રભસૂરિજી | સં. | સં.૧૯૮૫ | ૫૦ | ડાહ્યાભાઇ મહોકમચંદ |
| ૧૬ | સ્યાદવાદ બિંદુ | પૂ. દર્શનવિજયજી | સં. | સં.૧૯૭૫ | ૬૭ | જૈન ગ્રંથ પ્રસારક સભા |
| ૧૭ | ઉપદેશ સાર | સંપા. પ્રતાપસૂરિજી | સં. | સં.૧૯૯૪ | ૯૯ | મુક્તિકમળ જૈન ગ્રંથમાળા |
| ૧૮ | સિત્તરિ સહ ભાષ્ય, ચૂર્ણી | અમૃતલાલ મોહનલાલ | પ્રા | સં.૧૯૯૯ | ૮૫ | મુક્તાબાઇ જ્ઞાનભંડાર |
| ૧૯ | ધર્મ પરિક્ષા કથાનક | પૂ. સૌભાગ્યચંદ્રસાગર | સં. | સં.૧૯૯૮ | ૬૨ | મુક્તિવિમલ જૈન ગ્રંથમાળા |
| ૨૦ | સુપાત્રદાન પ્રકાશ | પૂ. દેવેન્દ્રસૂરિજી | સં. | સં.૧૯૯૫ | ૮૬ | ઋષભદાસ કેશરીમલ |
| ૨૧ | ધર્મવિધિ પ્રકરણ | પૂ. ઉદયસિંહસૂરિજી | સં. | સં.૧૯૨૪ | ૧૬૦ | હંસવિજય જૈન લાયબ્રેરી |
| ૨૨ | દેવવંદન ભાષ્ય | પૂ. ધર્મકીર્તિસૂરિજી | પ્રા/સં. | સં.૧૯૯૪ | ૪૬૨ | ઋષભદાસ કેશરીમલ |
| ૨૩ | નિર્વાણ કલિકા | પૂ. પાદલિપ્તસૂરિજી | સં. | ઇ.૧૯૨૬ | ૧૬૦ | નિર્ણયસાગર પ્રેસ |
| ૨૪ | પ્રતિમા શતક-સટીક | ઉપા. યશોવિજયજી | સં. | સં.૧૯૮૬ | ૩૨૪ | મુક્તિકમળ જૈન ગ્રંથમાળા |
| ૨૫ | કહા રયણ કોશો | પૂ. દેવભદ્રસૂરિજી | પ્રા | સં.૨૦૦૪ | ૩૯૨ | જૈન આત્માનંદ સભા |
| ૨૬ | વિનોદ કથા સંગ્રહ | પૂ. વીરવિજયજી | સં. | ઇ.૧૯૭૪ | ૧૬૦ | કક્કલદાસ ભુદરમલ |
| ૨૭ | શીલ તરંગિની | આ. જયકીર્તિસૂરિજી | સં. | સં.૧૯૬૬ | ૫૮૫ | હીરાલાલ હંસરાજ |
| ૨૮ | સદૈવ વત્સકુમાર ચરિત્ર | પૂ. મતિસાગરજી | સં. | સં.૧૯૯૦ | ૧૯૫ | હીરાલાલ હંસરાજ |
| ૨૯ | સિંદૂર પ્રકરણ (સટીક) | પૂ. હર્ષકીર્તિસૂરિજી | સં. | સં.૧૯૨૩ | ૮૦ | જૈન વિદ્યાશાળા |
| ૩૦ | પંચ સંયત પ્રકરણ | પૂ. અભયદેવસૂરિજી | સં./ગુ | સં.૧૯૮૩ | ૧૬૮ | જૈન ધર્મ પ્રસારક સભા |
| | (દ્વિપ સાગર પ્રજ્ઞપ્તિ) | --------------- | | | | |
| ૩૧ | રણચયૂડરાય ચરિયંમ્ | પૂ. નેમીચંદ્રાચાર્ય | પ્રા | સં.૧૯૯૮ | ૧૪૬ | મણિવિજયજી ગ્રંથમાળા |
| ૩૨ | પ્રશ્ન ચિંતામણી | પૂ. વીરવિજયજી | સં. | સં.૧૯૭૬ | ૧૬૫ | હીરાલાલ હંસરાજ |

નમ્ર વિનંતી :- ઉપરની યાદિમાંથી જો કોઇ પણ ગ્રંથ પુનઃમુદ્રણ થઇ ગયા હોય તો અમને જણાવશો તથા જો આપ કોઇ ગ્રંથ મુદ્રિત કરાવવાના હો તો પણ જણાવશો જેથી એક જ ગ્રંથ બે ત્રણ સ્થાનેથી પુનઃમુદ્રણ ન થાય.

## શ્રુત સંશોધન-સંપાદન વિચાર વલોણું

● આપણા પૂર્વાચાર્ય ભગવંતોએ પૂર્વવર્તી સાહિત્ય-આગમગ્રંથોનું દોહન કરી કરીને વિષયવાર, ક્રમવાર વગેરે પદ્ધતિપૂર્વક પ્રકરણ ગ્રંથોની રચના કરી છે જે તે કાળે મુદ્રણ વ્યવસ્થા ન હોઇ ગ્રંથકાર એની પ્રથમ હસ્તાદર્શ તૈયાર કરતા. પછી એમના શિષ્ય-પ્રશિષ્યાદિ વર્ગ તેની પ્રતિલીપી કરતા. જો કે ઘણું કરીને તો એ માટે લહિયાઓ પર જ આધાર રાખવો પડતો હતો. મૂળભૂત ગ્રંથો સંસ્કૃત-પ્રાકૃતમાં હોઇ, લહિયાઓને તેનું જ્ઞાન ન હોઇ હસ્તપ્રતોમાં અશુદ્ધિ ઉમેરાતી જતી.. એકનો એક ગ્રંથ અલગ અલગ સ્થાને અલગ અલગ લહિયાઓ દ્વારા લખાતા એમાં અઢળક પાઠાંતરો વગેરે પણ થાય જ એ એકદમ સ્વાભાવિક છે. માટે જ ગુરુભગવંતો સંશોધન-સંપાદન માટે શક્ય પ્રાચીનતમ હસ્તાદર્શનો આગ્રહ રાખતા હોય છે. પણ એ ત્રુટક, અપૂર્ણ હોવી વગેરે ઘણા કારણોને લીધે અલગ અલગ સ્થાનની વિવિધ હસ્તાદર્શોને આધારે સંશોધન-સંપાદન કરતા હોય છે. તથા આજ સુધીમાં જે સાચા ખોટા પાઠાંતરો થયા તેમાંથી યોગ્ય નિર્ણય લઇને એક શુદ્ધ ગ્રંથનું મહામહેનતે સંપાદન કરતા હોય છે. વર્તમાનમાં મુદ્રણવ્યવસ્થા સુંદર હોઇ તેમના સુવિશુદ્ધ સંપાદનનો એકસરખી ૪૦૦-૫૦૦ નકલ તૈયાર થઇ શકે છે તથા આજે તો ૫૦૦-૭૦૦ વર્ષ ટકી શકે એવા પણ કાગળો પર મુદ્રણ શક્ય બને છે. એટલે ભારે પરિશ્રમ કરીને કરેલ સંપાદન કાર્ય, પાઠભેદ કે પાઠાંતરો વિના એક સમાન પણે દીર્ઘકાળ ટકી શકે છે.

-: ગ્રંથ સંશોધન-સંપાદનનો આશય :-

● વિદ્વાન સાધુ-સાધ્વીજી ભગવંતો સંશોધન-સંપાદન કાર્યો કરે છે એમ સ્કોલરો પણ એ કાર્ય કરતા હોય છે. અલબત્ત ઘણું કરીને તેમના આંતરિક આશયમાં ભેદ પડી જાય છે.

● ગુરુભગવંતોના સંશોધન-સંપાદન કાર્યોમાં પૂર્વાચાર્યોની ઋણમુક્તિની એક ભવ્ય ભાવના મહેકતી હોય છે. પોતાને મળેલ શ્રુતવારસો, ભવિષ્યની પેઢીને શુદ્ધ સ્વરૂપે મળી રહે, એ દ્વારા પ્રભુનો સત્ય માર્ગ-ઉપદેશ જગતમાં પ્રવર્તે અને તે દ્વારા સૌ જીવો આત્મકલ્યાણ સાધી વહેલામાં વહેલા મોક્ષે પહોંચે એ તેમની હૃદયગત લાગણી હોય છે. પોતાની વિદ્વતા પ્રદર્શનની બદબૂ પ્રાયઃ કરી એમના કાર્યોમાં જોવા મળતી નથી.

વિવરણ કે ભાવાનુવાદ લખતી વેળાએ પણ, આ ગ્રંથના જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓ વધે, તેઓ શાસ્ત્રના જ્ઞાતા બને. પોતાના જ્ઞાન દ્વારા સંઘને સત્યજ્ઞાનમાર્ગે પ્રવર્તાવનારા થાય.. શુભ પુણ્યાનુબંધી પુણ્ય બાંધી ઇહલોક-પરલોકમાં સુખી થાય એજ એક ભાવના હોય છે. વિવિધ પરિશિષ્ટો, ટિપ્પણો વગેરે દ્વારા પણ ગ્રંથની ઉપાદેયતા વધારી સંતતોગત્વા તો ઉપરોક્ત શુભભાવનાની પુષ્ટિ જ કરવાનો તેમનો સદાશય હોય છે.

કેટલાક અપવાદને બાદ કરતાં વિદ્વાન સ્કોલરોના જૈનગ્રંથ સંશોધન-સંપાદનનો આશય મુખ્યત્વે તુલનાત્મક અભ્યાસ કરવાનો હોય છે. તેઓને આત્મકલ્યાણકર પ્રભુના વચનો-પદાર્થો કરતાં પણ સંસ્કૃત ભાષાનું પાંડિત્ય, વ્યાકરણ, અલંકાર, છંદ વગેરેનું આકર્ષણ વધુ હોય છે. જુદા જુદા ધર્મગ્રંથોની તુલનાઓ કરીને કયો ગ્રંથ ભાષા વગેરે દષ્ટિએ શ્રેષ્ઠ છે એની અનધિકારી ચેષ્ટાનો અધિકાર કોઇએ આપ્યા વિના જ તેઓ મેળવી લેતા હોય છે.

-: શુષ્ક સ્કોલરોના સંશોધનો વિચારણીય :-

કેટલાક અર્ધદગ્ધ વિદ્વાનોએ તો જૈન સંઘનું વાતાવરણ ડહોળવાના પણ જઘન્ય કૃત્યો કર્યા છે. જેમકે અહિંસાના મહાનાયક એવા પણ ભગવાન મહાવીર પરનો માંસભક્ષણનો આરોપ એ તો પછી પ.પૂ.પ્રખરવિદ્વાન પં.કલ્યાણવિજયજીએ " માનવ ભોજ્ય મીમાંસા " દ્વારા તેનો જડબાતોડ જવાબ આપ્યો. એક વિદ્વાને પંચસૂત્રનું ટ્રાંસલેશન કર્યું, જેમાં પૂજ્યપાદ સુરિપુંદર હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાની ભુલો કાઢી પોતાની નિષ્ઠુર અજ્ઞાનતાનું વરવું પ્રદર્શન કર્યું. ક્યાં ઐરાવત હાથી ને ક્યો ગધેડો ? એ તો પછી પૂ. ભુવનભાનુસૂરિજી મહારાજાએ વિશદ દલીલો અને તર્ક-વિતર્ક પૂર્વક તેનું ખંડન કરી જિનાજ્ઞાનું સ્થાપન કર્યું. આવા બીજા પણ ઘણા મુદ્દાઓ છે.

એવા સ્કોલરોને શાસ્ત્રકારો પ્રત્યે આદર-બહુમાન ન હોવાથી, તેઓ પૂર્વાચાર્યોના ગ્રંથોનો અભ્યાસ નહિ, પણ જાણે કે પોસ્ટમોર્ટમ જેવું કરતાં હોય એમ લાગ્યા કરે.

-: ગીતાર્થગુરુની નિશ્રા જરૂરી :-

સંસ્કૃત-પ્રાકૃતમય ગૂઢાર્થયુક્ત શાસ્ત્રગ્રંથોના સંશોધન, એ વિદ્વાન સ્કોલરોના અધિકાર બહારની વાત છે. હા, કેટલાક એવા વિદ્વાન શ્રદ્ધાયુક્ત સ્કોલરો-શ્રાવકો હોય ને તેમની યોગ્યતા જોઇને અધિકારી ગીતાર્થ ગુપરુભગવંતો એમને જે તે કાર્યમાં પ્રયુક્ત કરે અને તેઓ ગુરુની નિશ્રામાં કાર્ય કરે એ વાત જુદી. પરંતુ એકમાત્ર પી.એચ.ડી વગેરે જેવી લૌકીક ડીગ્રીઓ મેળવવાની આશયથી, શાસ્ત્રીયપદાર્થોના પૂર્વાપર સંદર્ભો અને શાસ્ત્રકારોના આંતરિક આશયો સમજ્યા વિના કરાતા-થયેલ સંપાદનો જૈન સંઘને નુકશાનકારક સંભવી શકે છે.

વિદ્વાન સ્કોલરો એ વિદ્વાન ગીતાર્થ સંવિજ્ઞ ગુરુભગવંતોની રાહબરી હેઠળ જ એવા કાર્યો કરવા જોઇએ, જે એવા ન હોય તે ગમે તેટલા પણ વિદ્વાન કેમ ન હોય, તેમને સ્થાન કે પ્લેટફોર્મ ન મળે તે જ ઇચ્છનીય છે.

અમૃત જો મદિરાપાત્રમાં હોય તો એમાં અમૃતની અવગણના અને અવહેલના છે.

સંશોધન-સંપાદનની એક સુંદર વ્યવસ્થિત પદ્ધતિ હોય તે ઇચ્છનીય છે. પણ જ્યાં એમાં થોડી ઘણી ઉણપ હોય એટલા માત્રથી એ ગુરુભગવંતોના પુરુષાર્થની કે એથી આગળ વધી એમના હૃદયની ઉત્તમ ભાવના કે આશયની કદર કર્યા વિના ખોડખાંપણ કાઢવી એ ઉંટના અઢાર અંગ વાંકા જેવું સમજવું.

---

કનકોત્સવ :- દાદા ગુરુદેવ ને શ્રુતભક્તિ સભર અંજલિ :- પૂ.કનકસૂરીશ્વરજી મ.સા.ની ૫૦ મી સ્વર્ગારોહણ તિથી નિમિત્તે આધ્યાત્મયોગી પૂ.કલાપૂર્ણસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય ગણિવર્યશ્રી તીર્થભદ્રવિજયજી મ.સા.ની નિશ્રામાં શ્રી માટુંગા જૈન સંઘ અને કચ્છ સાત ચોવીસી સમાજ દ્વારા ત્રણ દિવસના મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતું. પૂર્ણાહુતિ માં શ્રાવણ વદ-૫, રવિવારના રોજ શ્રુતસભા નું આયોજન કરેલ. જેમાં તેમના શિષ્યો દ્વારા સંશોધિત-સંપાદિત પાંચ ગ્રંથોનું વિમોચન કરવામાં આવેલ તેઓની પ્રેરણા અને માર્ગદર્શનથી અપ્રગટ એવી ૯૧ કૃતિઓને જુદી જુદી હસ્તપ્રતોમાંથી સંશોધન-સંપાદન કરીને પ્રકાશમાન કરવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું તેની હાર્દિક અનુમોદના.. સહ અભિનંદન. આ પ્રસંગે વિશાળ સભામાં શ્રુતજ્ઞાનના ક્ષેત્રમાં કાર્યરત પદ્મશ્રી ડૉ.કુમારપાળ દેસાઇ, શ્રી મુકેશભાઇ શાહ, શ્રી ખીમજીભાઇ છડવા, શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા તથા ડૉ.ભાનુબેન સત્રા, ડૉ.પાર્વતી ખીરાણી અને ડૉ.રતનબેન છડવા ખાસ હાજર રહ્યા હતા.

**જિનાલય નિર્માણ માર્ગદર્શિકા ગ્રંથ પ્રકાશિત થઇ ચૂક્યો છે. જેમાં આપ મેળવશો...**

# જિનાલય નિર્માણ માર્ગદર્શિકા

જિનાલય નિર્માણનો વિચાર કરવાથી માંડીને પ્રતિષ્ઠા સહિત સંપૂર્ણ મંદિર તૈયાર થઈ જાય તે દરમ્યાન જિનાલય નિર્માણના કાર્યસંલગ્ન શ્રાવકોએ જે જે પરિસ્થિતિમાંથી પસાર થવાનું આવે, તેનું ક્રમિક ૧૫ તબક્કા અને ૫૦૦ થી પણ અધિક મુદ્દાઓ દ્વારા વિસ્તૃત સ્પષ્ટ માર્ગદર્શન...

જિનાલય નિર્માણ સંબંધી ખાત-શિલાન્યાસાદિ સર્વ ધાર્મિક વિધિઓના રહસ્યવિજ્ઞાન

જીર્ણોદ્ધાર - પુનરુદ્ધાર - નવનિર્માણ સંબંધી આવશ્યક સ્પષ્ટતા...

આપના જિનમંદિરને વધુ પ્રભાવશાળી બનાવનારી માહિતીઓ...

જો આપના સંઘની પેટીમાં આ ગ્રંથ ન વસાવ્યો હોય તો આજે જ વસાવી લો...

સંપર્ક
- અમદાવાદ : શ્રી બાબુભાઈ બેડાવાળા મો. ૯૪૨૬૫ ૮૫૯૦૪
- વડોદરા : શ્રી દેવાંગભાઈ શાહ મો. ૯૯૯૮૦ ૦૫૨૩૩
- મુંબઈ : શ્રી અક્ષયભાઈ શાહ મો. ૯૫૯૪૫ ૫૫૫૦૫




પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

**નોંધ : પરમાત્મા સાથેના મેળાપક જોવા માટેનું ધારણાગતિ યંત્ર તથા ખાત-શિલાન્યાસાદિ મંદિરનિર્માણની ધાર્મિક વિધિઓની પુસ્તિકા પણ પ્રકાશિત થશે.**

*આહારમ્ :- આજના આધુનિક યુગમાં ફાસ્ટફુડ અને જંક ફુડનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે ધર્મ-સ્વાસ્થ્ય અને જનરેશન ભ્રષ્ટ કરવાવાળા આ ખોરાક ખરેખર શું છે અને તે અંગેની જાગૃતિ લાવવા માટે પૂજ્ય ગુરુભગવંતોની પ્રેરણાથી એક ઓડીયો-વીડીયો ડીવીડી નું વિમોચન વડોદરા મુકામે થયું છે. જે પૂ.પં શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ને સમર્પિત કરવામાં આવી છે. બે કલાકની આ વીડીયો ડીવીડી ગુજરાતી અને હિન્દી ભાષામાં ૧૪ જુદા જુદા ચેપ્ટર દ્વારા ખોરાકના ઇન્ટીગ્રેન્ટસ અને કલેરીટી ની વિગત આપવામાં આવેલ છે. ફુડ એજ્યુકેશન ની આ ડીવીડી દરેક જૈન-જૈનેતર વ્યક્તિઓએ પોતાના ઘરમાં વસાવીને ખાસ બાળકોને બતાવવી જરૂરી છે. અને દરેક પાઠશાળામાં, સંઘોમાં પણ જાહેરમાં બતાવીને વેજીટેરીયન ખોરાકની સાચી માહિતી મેળવવી યોગ્ય છે.*

*ડીવીડી માટે સંપર્ક :- દર્શન મહેતા (વડોદરા-માંજલપુર) ૦૯૭૨૩૬૧૦૨૯૧*

*શાલીભદ્ર (ઘાટકોપર) ૦૯૦૨૯૬૮૮૭૪૭*

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org